C-21

આંગણવાડી કાર્યકર, મિનિ આંગણવાડી કાર્યકર, અને તેડાગર તથા સંકલિત બાળ વિકાસ યોજનાના લાભાર્થીઓના બેંક ખાતામાં ડીબીટી/પી.એફ.એમ.એસ. યોજના અંતર્ગત સીધા ચૂકવણા કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક: આઇસીડીએસ/૧૧૨૦૧૮/૧૦૮૪૫૩/બ
તા. ૨૨/03/૨૦૧૮

આમુખ:

૧. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીની તા.૬-૨-૨૦૧૭ની અધિસૂચના.
૨. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીની તા.૧૪-૨-૨૦૧૭ની અધિસૂચના.
૩. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીની તા.૧૬-૨-૨૦૧૭ની અધિસૂચના.
૪. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીની તા.૨૨-૧૨-૨૦૧૭નો અ.સ. પત્ર નં. ૧૨/૩૫/૧૫-સીડી-૧-પાર્ટ(૨)
૫. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૨૨/03/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: આઇસીડીએસ/૧૧૨૦૧૮/૧૦૮૪૬૯/બ (ઇલેક્ટોનીક સીગ્નેચર)

આમુખ-૧ થી 3 ના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારની અધિસૂચનાથી ભારત સરકાર દ્વારા લાભાર્થીઓને સીધી રીતે યોજનાઓના લાભ મળે તે હેતુથી ડીબીટી યોજના અંતર્ગત સંકલિત બાળ વિકાસ યોજનાના ઘટકોને આવરી લેવાનું અને આમુખ-૪ હેઠળના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર મુજબ મહેકમનો પગાર ખર્ચ, મહેનતાણું અને યોજના હેઠળના લાભોને ડીબીટી યોજના હેઠળ આવરી લેવાનું જણાવેલ છે. આમુખ-૫ હેઠળના મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૨/03/૨૦૧૮ ના ઠરાવ થી ડીબીટી/પી.એફ.એમ.એસ. યોજના અંતર્ગત સીધા ચૂકવણા કરવા માટે ઇલેક્ટોનીક સીગ્નેચરની પધ્ધતી અમલમા મૂક્વામાં આવેલ છે.

૨. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તા. ૧૫-૧-૨૦૧૮ની સ્થિતિએ કુલ ૧૪ યોજનાઓ ડીબીટી હેઠળ મુકવામાં આવેલી છે. ગુજરાત રાજ્યમાં પણ આ આંગણવાડી સેવાઓને ડીબીટી યોજના અંતર્ગત લાવવાની થશે. જે અંતર્ગત પ્રત્યેક ઘટક યોજના માટે રાજ્ય કક્ષાએ સ્વતંત્ર બેંક એકાઉન્ટ ખોલી આધાર સાથે જોડાયેલા લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી રીતે ચૂકવણું કરવાનું થશે. ભારત સરકારશ્રીના પી.એફ.એમ.એસ. પ્લેટફોર્મ સાથે આ વ્યવસ્થા ઓનબોર્ડ હોવાથી ભારત સરકાર તરફથી ફાળવેલ ગ્રાન્ટનું સીધું મોનીટરીંગ કેન્દ્રીય કક્ષાએથી કરવામાં આવે છે.

ઠરાવ:-

આંગણવાડી કાર્યકર, મિનિ આંગણવાડી કાર્યકર, અને તેડાગર તથા સંકલિત બાળ વિકાસ યોજનાના લાભાર્થીઓના બેંક ખાતામાં ડીબીટી/પી.એફ.એમ.એસ. યોજના અંતર્ગત સીધા ચૂકવણા કરવાની બાબત સરકારશ્રીના વિચારણાં હેઠળ હતી. સદર પ્રક્રિયામાં લાભાર્થીઓના રોકડ લાભોનું સરળતાથી તેઓના બેન્ક ખાતામાં ચુકાવણું થાય તેમજ લાભાર્થીઓ માટે કરવાના થતા ખર્ચોનું ચુકવણું સરળતાથી આંગણવાડી ખાતેના સંસ્થાકિય બેન્ક એકાઉન્ટમાં થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવાં જરૂરી છે. જેથી નીચે મુજબની છ (૬) યોજનાઓનું ડીબીટી દ્વારા ચુકવણું કરવા અંગે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧ આંગણવાડી સેવાઓ અંતર્ગત આંગણવાડી કાર્યકરો અને મદદનીશોનું મહેનતાણું.

૨. ક્રેચ વર્કર/હેલ્પરને માનદ વેતન

૩. પુરક પોષણ તથા તે માટેની વ્યવસ્થા અંગેના ખર્ચાઓ

૪. ન્યુટ્રીશન/નેશનલ ક્રેચ સ્કીમ અંતર્ગતના લાભો

૫. સબલા યોજના અંતર્ગતના લાભો

૬. સર્વસમાવેશક (અમ્બ્રેલા) સંકલિત બાળ વિકાસ યોજના હેઠળના આંગણવાડી કાર્યકર, મિનિ આંગણવાડી કાર્યકર, તેડાગર તથા લાભાર્થીઓ માટે ના તમામ તાલીમ કાર્યક્રમોના ખર્ચાઓ

ઉક્ત વ્યવસ્થા ઉભી કરવા માટે નિયામકશ્રી (આઇસીડીએસ) કક્ષામાં ક્રમાંક : ૧ થી ૫ માટે રાજ્ય કક્ષાનું સ્વતંત્ર બેન્ક એકાઉન્ટ તથા ક્રમાંક: ૬ માટે રાજ્ય બેન્ક એકાઉન્ટ ની મંજૂરી આપવામાં આવે છે. તેમજ દરેક આંગણવાડી માટે સંસ્થાકિય સ્વરૂપમાં સ્વતંત્ર બેન્ક એકાઉન્ટ ની પણ મંજૂરી આપવામાં આવે છે.

શરતો

૧. ઉપર દર્શાવેલ કુલ છ યોજનાઓનું PFMS મારફતે DBT કરવા કુલ બે બેંક એકાઉન્ટ ઉપરાંત આંગણવાડી દીઠ આંગણવાડી કાર્યકર, મિનિ આંગણવાડી કાર્યકર, અને તેડાગર ના સંયુક્ત અધિકારમાં જુદાં જુદાં કોમ્પોનાન્ટની કામગીરી માટે દરેક આંગણવાડી દીઠ સંસ્થાગત ખાતુ ખોલાવવાનું રહેશે.

૨. ઉપર મુજબની કાર્યવાહી માટે બેન્ક પસંદગી પૂર્ણ કરી જરૂરી આદેશો કમિશ્નરશ્રી (આઇસીડીએસ) દ્વારા કરવાના રહેશે.

૩. ડીબીટીના સંચાલન માટે જરૂરી આઇ.ટી. પ્લેટફોર્મ ઉભું કરી તે વ્યવસ્થાનું ભારત સરકારશ્રીના પી.એફ.એમ.એસ. ના પ્લેટફોર્મ સાથે જોડાણ કરવાનું રહેશે.

૪. સદર પ્રક્રિયામાં ગતિશિલતા લાવવા તથા કામગિરીનું ભારણ ઘટાડવા e-sign પધ્ધતીનો ઉપયોગ કરી શકાશે.

૫. જ્યારે PLA મારફતે DBT શક્ય બને તો વિભાગે બેંક ખાતાં બંધ કરી PLA મારફતે DBT કરવાનું રહેશે.

૬. આ મંજૂરી અંગે કરવાનાં તથાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૭/૩/૨૦૧૮ ની નોંધ ઉપર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

 ૯।૧૯

૩. અધિક મુખ્ય સચિવશ્રી (નાંણાં), નાંણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જિવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૬. નિયામકશ્રી,(આઇ.સી.ડી.એસ.),કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જિવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૭. નાણાં સલાહકાર, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય,ગાંધીનગર

૮. સીલેક્ટ ફાઇલ.

ડીબીટી/પી.એફ.એમ.એસ. યોજના અંતર્ગત સીધા ચૂકવણા કરવા માટે ઇલેક્ટ્રોનીક સીગ્નેચરની પધ્ધતી અમલમા મૂકવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક: આઇસીડીએસ/૧૧૨૦૧૮/૧૦૮૪૬૯/બ
તા.૨૨/03/૨૦૧૮

વંચાણે લીધા :-

૧. ભારત સરકારશ્રીના ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ (૩) (ક) મુજબ

૨. ભારત સરકારશ્રીના ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી,મંત્રાલયના નોટીફીકેશન અધિસૂચના તારીખ ૨૫/૮/૨૦૧૫

૩. તા.૯-૨-૨૦૧૮ ના રોજની I.T. Committee ની મીટીંગ ની કાર્યવાહી નોંધ.

આમુખ:-

ભારત સરકારશ્રીના ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ (૩) (ક) મુજબ ઇલેક્ટ્રોનીક સીગ્નેચરની જોગવાઇ કરવામા આવેલ છે. ભારત સરકારશ્રીના વંચાણ (૨) હેઠળની અધિસૂચનાથી જરૂરી નિયમો ઘડવામા આવેલ છે. ડિઝીટલ સીગ્નેચર લાગુ કરવા માટે ભારત સરકારના ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી મંત્રાલય, નવી દિલ્લી ના તા. ૨૪/૩/૨૦૧૫ ના પત્ર સાથે સામેલ સચિવશ્રી, ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી મંત્રાલયના તા.૨૬/૨/૨૦૧૫ ના પત્ર થી ઇ-સીગ્નેચરના ઉપયોગ સબંધી જરૂરી સૂચનાઓ આપવામા આવેલ છે. તા.૯-૨-૨૦૧૮ ના રોજની I.T. Committee ની મીટીંગ ની મીનીટ્સ મુજબ ઇલેક્ટ્રોનીક સીગ્નેચર લેવા માટેની મંજૂરી આપેલ છે.

ઠરાવ:-

મહિલા અને બાળ વિકાસ વિભાગની યોજનાઓની વહિવટી પ્રક્રિયામાં ગતિશિલતા લાવા માટે તથા ખર્ચની બચત સાથે વિવિધ પ્રકારના ઉપયોગિતા પ્રમાણપત્રો, પાસિક પ્રગતિ અહેવાલ વિગેરે મોકલવા માટે ઇ-સિગ્નેચર પધ્ધતિ લાગુ કરવાની બાબત સરકારશ્રીના વિચારણાં હેઠળ હતી. ઇલેક્ટ્રોનિક્સ ડોક્યુમેન્ટસ ઉપર આધાર નંબર સાથેના વન ટાઇમ પાસવર્ડ વેરિફિકેશનથી ઇ-સિગ્નેચર કરવામાં આવે છે. ઇ-સિગ્નેચર ઇનકોડેડ ફોર્મમાં હોય છે અને કાયદાકીય પધ્ધતિમાં માન્ય/અધિકૃત ગણવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ વિભાગની તમામ યોજનાઓમાં

જ્યાં શક્ય હોય ત્યાં ઇ-સિગ્નેચર પધ્ધતિ લાગુ કરવાથી ખુબજ સરળતાથી ઇ-સિગ્નેચર કરેલા ડોક્યુમેન્ટસ ઇ-મેઇલ અપલોડિંગથી મોકલી શકાશે. સદર પ્રક્રિયામાં સમયની બચત થશે અને યોજના અમલીકરણમાં અસરકારકતા લાવી શકશે.

<u>શરતો:</u>

૧. I.T. સંબંધિત તમામ બાબતો અંગે Science & Technology Department ની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. ઇ-સિગ્નેચર સર્વિસ એજન્સીના પસંદગીની પ્રક્રિયા સરકારશ્રીના IT પર્ચેસ પ્રક્રિયાના આધીન કરવાની રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ માં આઇ.ટી અને બાયોમેટ્રીક ઉપરણ નાં સદરે રૂ. ૨૪.૬૯ લાખની બજેટ જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. પ્રસ્તુત ઇલેક્ટોનીક સીગ્નેચર નાં કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાનાં તથાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગની તા. ૧૭/૩/૨૦૧૮ ની નોંધ ઉપર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

<u>પ્રતિ,</u>

૧. માન. મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. સચિવશ્રી, સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
૬. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ, મહિલા અને બાળ વિકાસ ની કચેરી, ૨૦, જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
૭. નાણાં સલાહકાર, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
૮. સીલેકટ ફાઇલ

જ્યાં શક્ય હોય ત્યાં ઇ-સિગ્નેચર પધ્ધતિ લાગુ કરવાથી ખુબજ સરળતાથી ઇ-સિગ્નેચર કરેલા ડોક્યુમેન્ટસ ઇ-મેઇલ અપલોડિંગથી મોકલી શકાશે. સદર પ્રક્રિયામાં સમયની બચત થશે અને યોજના અમલીકરણમાં અસરકારકતા લાવી શકશે.

શરતો:

૧. I.T. સંબંધિત તમામ બાબતો અંગે Science & Technology Department ની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. ઇ-સિગ્નેચર સર્વિસ એજન્સીના પસંદગીની પ્રક્રિયા સરકારશ્રીના IT પર્ચેસ પ્રક્રિયાના આધીન કરવાની રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ માં આઇ.ટી અને બાયોમેટ્રીક ઉપરણ નાં સદરે રૂ. ૨૪.૬૯ લાખની બજેટ જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. પ્રસ્તુત ઇલેક્ટ્રોનીક સીગ્નેચર નાં કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાનાં તથાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગની તા. ૧૭/૩/૨૦૧૮ ની નોંધ ઉપર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. સચિવશ્રી, સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
૬. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ, મહિલા અને બાળ વિકાસ ની કચેરી, ૨૦, જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
૭. નાણાં સલાહકાર, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
૮. સીલેકટ ફાઇલ.